12 ઊમૂર ન્યૂઝલેટર

# સિલ્કે હયાત

## ઉમુર મરાફીક બુરહાનિયાહ

અંક 10 | જમાદિલ ઉલા 1443 | ગુજરાતી



રૌદત તાહેરા દુનિયાના મુમેનીન માટે ઉમ્મીદ અને હિંમતનું કારણ છે, દરરોજ સેંકડો મુમેનીન રૌદત તાહેરા હાજર થઈને સૈયદના તાહેર સૈફુદ્દીન (રી.અ.) અને સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રી.અ.) ની ઝયારત કરીને ઉમ્મીદો હાસિલ કરે છે.
આજે રૌદત તાહેરાના પડોશમાં SBUT નો મોટો પ્રોજેક્ટ શરૂ છે, કે જે આ બેવે મૌલા અને આપના વારીસ અદ્દાઇલ  અજલ સૈયદના આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) ની મુમેનીનના સ્તર ને અપગ્રેડ કરવા માટે જે કાળજી છે,  તેની સાબિતી છે, અને ઉમુર મરાફીક બૂરહાનિયાહના ખિદમતગુઝારો માટે ભલું ઉદાહરણ છે.

રૌદત તાહેરા - 16 રબિઉલ અવ્વલ - 1443 હી.
ફોટો: મુલ્લા હમ્ઝા શેખ અલઅઝહર શાકિર

# રફઉલ મુસ્તવા - મદદ કરવું છે કે રૂપાંતર (ટ્રાન્સફોર્મ) કરવું છે?

લખનાર - શેખ મુસ્તફાભાઈ શેખ અબ્દુલકાદિરભાઈ ઘોઘા (બદરી), આમિલ સાહેબ : દોહદ સૈફિ બુરહાની

વર્તમાન યુગમાં આપણે જોઈએ છે કે જે વખતે કોઈ ગામ અથવા દેશમા કુદરતી આફત આવે છે અને જાન-માલ નું નુકશાન થાય છે, ઘણી વખત તો ઘણી ખરાબ પરિસ્થિતિ ઉદભવે છે, તો તમામ દુનિયાના લોકો તે ગામ અથવા દેશને અલગ અલગ રીતે સહયોગ કરે છે, અનાજ મોકલાવીને અથવા જે લોકો ફસાયા હોય તેનાં બચાવ માટે વિકલ્પો ઉપલબ્ધ કરીને અથવા નાણાકીય સહાયથી, કેમકે એક માનવતાની ભાવના બધાને જોડે છે અને માનવતા એમ કહે છે કે આવાં મુશ્કિલ સમયમાં એક બીજાને મદદ કરવી જ જોઈએ.

આ સિલસિલામાં દાઅવતની તારીખમાં નજર કરીએ તો અદ્દાઈલ અજલ સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન (રી.અ.)ના જમાનનો એક કિસ્સો યાદ આવે છે, કે જેની ઝીકર કરતાં સૈયદના આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) ફરમાવે છે, " આકાએ ગિરામી સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન (રી.અ.) બાર હજારના કરીબ મુમેનીનને દુકાલના વક્ત સુરત બુલાવી યે સગલાની પરવરીશ કીદી, નેઅમત, રેહમત અને નવાઝિશસી સગલાને હુન્નર સિખાવીને, તદબીર, તખતીત કરીને સગલાને બિલાદની તરફ મોકલા. "

વિચાર કરીએ તો આજના સમયમાં દુનિયાના લોકો જે પણ રીતે મદદ કરે છે અથવા પહોંચાડે છે, તે ફક્ત એક વખતની મદદ હોય છે, જ્યાં પરિસ્થિતિ બને છે ત્યાં મદદ મોકલાવી દેવામાં આવે છે.

પરંતુ સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન (રી.અ.)એ શું અમલ કર્યું? કે મુસીબતમાં જકડાયેલા મુમેનીનને સંપૂર્ણ રીતે પોતાના સાયામાં બોલાવી લીધા, વસાવી લીધા, વસાવીને જમણ જમાડીને, હુન્નર શિખવાડીને આબાદ કરી દીધા, એટલે એવી શાનનું અમલ કર્યું કે પૂરી માનવતા માટે યુગો સુધીનું ઉદાહરણ બની ગયું, તેથી સૈયદી સાદીકઅલી (ક.સ.) આપની શાનમાં અરઝ કરે છે:

"અન્કા નિમત અદમ છે સૈફુલહુદા નો સાની
લબરેઝ જેના દિલમાં મેહરોમયા દયા છે."

જેમ સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન (રી.અ.) હતા તેમ જ આ મૌલાના આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) છે, સમય બદલાયો, પરિસ્થિતિઓ બદલાઈ, પણ ઈમામ અલીઝૈનુલ આબેદિન (અ.સ.)ના દાઈ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રી.અ.)એ પોતાની રેહમતની નઝરના એવા ફૈઝ જારી કર્યા કે દરેક મુમિનના ઘરમાં તેમની નઝરાત પહોંચી ગઈ અને તમામ નાની અને મોટી પરિસ્થિતિઓ પર પોતે પરિચિત થઈને સખત પ્રયાસ કર્યા, દરેક મુમિનના અપલીફટમેન્ટ (ઉત્થાન) માટે કોશિશ કરી, fostership ના વિચારને લાગુ કર્યો, મુમેનીનના દિમાગને - તેમના વિચારોને એટલી હદ સુધી બુલંદ કર્યા કે મુમેનીન ખૈયેરીનને એમ એહસાસ કે જો દાઈઝ્ ઝમાન (ત.ઉ.શ.)ની મોહબ્બતમાં કોઈ મુવાસાતનું અમલ કરે અને તેનાં ભાઈ મુમિન તે મદદ ને કબૂલ કરે તો તે કબૂલ કરનારનું એહસાન છે.

આ ઉમદા વિચારને તમામ દુનિયાના મુમેનીનમાં પ્રખ્યાત કર્યો અને દરેક રીતે તેનું અમલ થાય તે માટે દરેક દરવાજાઓ ખોલી દીધા. આ વિષયમાં સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન આકા (રી.અ.) એક

ઘણા જ નિરાલા અંદાજમાં બયાન ફરમાવે છે, એવી લાગણી અને હમદર્દીથી ફરમાવે છે કે નાતો વાલેદીનને તેનાં ફરઝંદો માટે હોય, નાતો ભાઈને તેનાં સગા ભાઈ સાથે હોય પરંતુ દુનિયાના દરેક સંબંધ કરતાં વધીને આપનો આ શફકત અને હનીન નો સંબંધ નઝર આવે છે, આપ ફરમાવે છે કે:

"મુમેનીનની જમાઅત! ... મુમિન તમારો ભાઈ છે એમ સમજીને સિલત કરજો, પૂરા સાલ લગ એહનુ અને એહના ફેમિલીનું ધ્યાન રાખજો,... તહારતના અસબાબ, અંગોલિયા વગેરા બરાબર છે કે નહીં? ઘરમાં બીછોનું, ફર્નિચર, લાઈટ, પાની, વાસનો, પહેનવાનાં કપરા, બચ્ચાઓની શાદી વાસ્તે ખરચનો ઇન્તેઝામ, મકાનનો ઇન્તેઝામ - સગલા હત્તલ ઈમકાન મોહય્યા કરી આપજો,.. મુમિન ને એહવિ મદદ કરજો કે એક દિન મુમિન બિસરા મુમિન ને મદદ કરતો થઈ જાય, કાલે મદદ લેતો થો, હવે આજ બીજાને મદદ કરે છે ઈતનું આપજો."

આ કલેમાત નુરાનિયાહમાં અને ખાસ છેલ્લા શબ્દોમાં સ્પષ્ટ જોવાઈ છે કે દાઅવત ના રબ ની દાઅવતના ફરઝંદો ઉપર આટલી બધી શફકતની નઝર છે અને ફિકર છે કે ફક્ત પરિસ્થિતી જ નથી સુધારતા પરતું પરિસ્થિતિ જ બદલી દે છે.

અને તે પછી આ બયાનમાં છેલ્લે આપ ફરમાવે છે કે:

"કોઈ મુમિન એક ટક જમે એક ટક ના જમે, આખિર તો છે મારો ફરઝંદ આ મુમિન!- એહને પેટ ભરીને જમારજો. " તો જમણ મૂળભૂત માનવ જરૂરિયાત છે પણ આજ દુનિયાની પરિસ્થિતી એમ છે કે દરરોજ ચાલીસ હજાર લોકો અને દર વર્ષે 15 મિલિયન લોકો ભૂખ ના કારણે મોતના શિકાર થાય છે, આવા નાજુક સમયમાં અમીરુલ મુમેનીન (અ.સ.)ના દાઈ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન આકા (ત.ઉ.શ.) અજબ

> **મુમિન ને એહવિ મદદ કરજો કે એક દિન મુમિન બિસરા મુમિન ને મદદ કરતો થઈ જાય, કાલે મદદ લેતો થો, હવે આજ બીજાને મદદ કરે છે ઈતનું આપજો.**

શાનથી મુમેનીનના દાના-પાની નો ખ્યાલ રાખી રહ્યા છે.

કોઈક વાર એમ બને કે દુનિયામાં જે મોટી વ્યક્તિ હોય અથવા મોટી મોટી સંસ્થાઓ હોય છે કે જે કલ્યાણ કાર્યોના વિવિધ ક્ષેત્રોમાં સેવાઓ આપતા હોય છે, તે નાના પ્રશ્નોથી માહિતગાર નથી થઈ શકતા અથવા તેમની ખિદમત ત્યાં સુધી નથી પહોંચી શકતી, અને તે દરેક વ્યક્તિ સુધી નથી પહોંચી શકતા, પણ આ દાઅવત અને તેની સ્થાપના કંઈ દુનિયાની સંસ્થાઓની જેમ નથી કેમ કે તેનાં રેહનુમા એવી શાનનાં છે કે જે આ દાઅવતમાં વસનારાઓ માટે પોતાની જીવજાત ખર્ચી દે છે, અને એક એક મુમિન સુધી પહોંચીને તેની જરૂરિયાત પ્રમાણે તેને મદદ પહોંચાડે છે.

આ કાર્યને મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.) ઉમુર મરાફીક બૂરહાનિયાહના લક્ષ્યમાં સ્પષ્ટ કરતાં ફરમાવે છે કે "દિન, તાઅલીમ, ગીઝાઅ, સેહત, મકાન અને મઆશ ની નાહિયત સી એક એક મુમિનનું અપલીફટમેન્ટ થાય.

ખુદા તઆલા આ શાનનાં હાદી અને રહેબરને સેહતો આફેયતમાં કેયામતના દિન લગ બાકી રાખજો, આમીન!

# આલમે ઈમાનથી ઉમુર મરાફીક બૂરહાનિયાહની જલક

મેડિકલ સહાય ઉપલબ્ધ કરવું

## ખંભાત



ખંભાતમાં સૈફિ મેટરનીટી હોસ્પિટલ છે, ત્યાં મુમેનીનનો સ્વાસ્થ્યનો પ્રોગ્રામ થયો, તેમાં લગભગ 22 થી 25 મુમેનીનને બીમારી હતી તેની સારવાર થઈ.

એજ રીતે જે બધાને ઓર્થોપેડિક (હાડકાં ને લગતી) તકલીફ હતી તેનાં માટે કેમ્પ આયોજિત કર્યો અને તેમની સારવાર થઈ.

# સિગતુલ મરાફિક બુરહાનિયાહનું લક્ષ્યાંક



## શેખ મુર્તઝાભાઈ યમાની - કોઠાર મુબારક - FEA ઓફિસ

સિગતુલ મરાફીક અલ બુરહાનિયાહ - અદ્દાઈલ અજલ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રી.અ.)ની હસનાત જારી છે, આપ મૌલાના 90 મી મિલાદ મુંબરકની ઉજવણીમાં આ સિગત કાયમ કરવામાં આવ્યું, અસ્સૈયદુલ અજલ શેહઝાદા અબ્બાસ ભાઈસાહેબ ફખરુદ્દીન (ક.સ.) અને અસ્સૈયદુલ અજલ શેહઝાદા હુઝૈફા ભાઈસાહેબ મોહીયુદ્દિન(ક.સ.)નું વિઝન હતું કે એવા મુમેનીન તરફ પહોંચાય જેઓ દાઅવતના કેન્દ્રોથી દૂર છે અને તેમને મદદની જરૂરત છે. તે વિષયમાં 2 થી 3 વર્ષનો પ્રોજેક્ટ થયો કે જેમાં મુમેનીનને દીની, આર્થિક અને શૈક્ષણિક રીતે અપલીફ્ટ કરવામાં આવે, ત્યાં સુધી કે તેમનું ગામ બીજા ગામોની જેવુ તૈયાર થઈ જાય.

બુરહાનપુરના આસપાસ માંથી 7 ગામોને પ્રારંભિક પરિયોજના રૂપે પસંદ કરવામાં આવ્યા, બે ઊમ્માલ કિરામને ખાસ આ ખિદમત સોંપવામાં આવી.

તે પછી 350 ગામોના સર્વે કરવામાં આવ્યા, જેમાંથી જરૂરતમંદ ગામોને સિગતુલ મરાફીક અલ બુરહાનિયાહએ અપનાવીને અપલીફ્ટ કર્યા.

અલગ અલગ ગામોમાં મુમેનીનના આર્થિક ઉમુર, દીની ઉમુર, સામાજિક ઉમુર અને એજ રીતે અલગ અલગ ઉમુર સામે આવ્યા.

અલજામેઅતૂસ સૈફિયાહ માંથી હાદી અશર તમામ કરેલ તલબત માંથી 2-3 ખિદમતગુઝારોને આ ખિદમત ફઝલ થાતી.

તે પસંદ કરેલ ગામો માંથી મુમેનીનને રૌદત તાહેરા ઝયારત માટે મોકલવામાં આવ્યા, મદ્રેસાની ઈમારતો બનાવવામાં આવી, મુમેનીનની ખેતીમાં મદદ પહોંચાડવામાં આવી, મુમેનીનને બજેટની સલાહ આપવામાં આવી અને આ રીતે ઘણા પ્રકારની મદદ પહોંચાડવામાં આવી.

# આલમે ઈમાનથી ઉમુર મરાફીક બૂરહાનિયાહની જલક

## બુઝુર્ગોની જિંદગીને ખુશીથી ભરવું



### અઝીઝ ભાઈસાહેબ વઝીરી - આમિલ સાહેબ - શારેકા

અદ્દાઈલ અજલ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રી.અ.) ની ઉમ્મીદ હતી કે દરેક મુમિનની રહેણી-કરણી સારામાં સારી હોય, મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.) એ દર વર્ષે 5 દિવસ રફએ મુસ્તવા મઈશતીલ મુમેનીનને ફાળવેલ છે કે જેમાં મુમેનીનની ખબરગીરી કરવામાં આવે છે, હમણાં થોડા વર્ષથી બુઝુર્ગોનો વેલફેર (કલ્યાણ)નો પ્રોગ્રામ થઈ રહ્યો છે જેથી બુઝુર્ગોની ખાસ રીતે ખબરગીરી થઈ શકે, તે વિષયમાં મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.) ફરમાવે છે: "એ અઝીઝો! તમે તમારા બુઝુર્ગોને તફરિહ પર લઈ જાજો, એહની હર ચીઝોનો ખયાલ રાખજો, એહની દુઆઅ તમને ઘની કામ લાગસે."

ઉદેપુરમાં 2 વર્ષ પહેલાથી બુઝુર્ગો માટે ઘણા પ્રોગ્રામો થઈ રહ્યા છે- રસપ્રદ પ્રવૃતિઓ થઈ રહી છે, ફિઝીયોથેરાપી અને ન્યુટ્રિશનના કેમ્પો થઈ રહ્યા છે, આ પ્રવૃતિ શરૂ રહે તે માટે નિયમિત ફોલોઅપ થઈ રહ્યું છે, અમારા ગામમાં દરેક બુઝુર્ગની ફાઇલ તૈયાર કરી છે જેમાં તેમના મેડિકલ રિપોર્ટ, રોજિંદો કાર્યક્રમ, નાણાકીય આરોગ્ય વગેરેની વિગતો નોંધાયેલ છે, આ આંદોલનના કારણે ઘણા બુઝુર્ગોની જિંદગીમાં એક નવી તાજગી અને ખુશી આવી ગઈ.

## સારા માહોલમાં જઈને વસવું

### જોગેશ્વરી

મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.) જોગેશ્વરી પધાર્યા અને નઝર ફરમાવી કે મુમેનીનના ઘરો ઘણા તંગ છે, મહોલ્લાહ ઘણા ખરાબ છે, તે જ વખતે આપે ઉમ્મીદ જાહેર કરી ક્ મુમેનીન સારા ઈલાકાઓમાં અને મોટા મકાનોમાં શિફ્ટ થાય.

જોગેશ્વરીથી બોઈસરમાં ઘણા મુમેનીન શિફ્ટ થયા, ત્યાં મુમેનીનનો વેપાર પણ વધ્યો, હમણાં લગભગ 30 ફેમિલી શિફ્ટ થઈ છે અને ખુશહાલ જિંદગી વિતાવે છે.

## પૂરતું જમણ પહોંચાવવું

### ભાયંદર

તાઅબુદાતુલ મુબારકાના અય્યામ દરમિયાન રફએ મુસ્તવા મઈશતીલ મુમેનીનના એક કાર્યક્રમ હેઠળ મુમેનીનનો સર્વે કરવામાં આવ્યો, તેમાં જે સગલા મુમેનીન જમણ અને પોષણમાં વંચિત હતા તે બધાની કેસ ફાઇલ તૈયાર કરીને હઝરત આલિયાહમાં અરઝ થઈ, મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.) એ કરમ ફરમાવીને - તે બધાના આહાર prescription તૈયાર કરવાની રઝા મુબારક ફરમાવી અને તેનાં પ્રમાણે અનાજ મોકલવાના અમ્રે આલી ફરમાવ્યા, તે પ્રમાણે હમણાં ગામમાં 7 ઘરોમાં દર 10 દિવસે અનાજ પહોંચાડવામાં આવે છે, અને તે સાથે વજન ચકાસવામાં આવે છે, મહિનામાં 2 વાર ડાયેટિશિયન સાથે આહાર અને પોષણ વિષે સમજાવવામાં આવે છે,

# ભેગા મળીને મદદ પહોંચાડવું, crowd funding

## બુરહાની મહોલ્લાહ - પુના

crowd funding એક રીત છે જેમાં 200 થી 250 મુમેનીનનું એક ગ્રુપ મળીને નાની-મોટી જેટલી શક્ય બને તેટલી રકમથી જોડાઈને મદદ કરે, પૂનામાં આ રીતની કાર્ય પ્રણાલી છે.

1. અરઝકર્તા મરાફીક બુરહાનિયાહની કમિટીને મદદ માટે રજૂઆત કરે, કમિટી 4 અનુભવી ભાઈયોને સોંપે અને તે નિર્ણય કરે કે આ યોગ્ય કેસ છે કે નહીં.

2.કેસ આમિલ સાહેબ પાસે રઝા માટે જાય.


3. રઝા થાય તો crowd funding group માં જાણ કરવામાં આવે અને સગલા જેમ શક્ય થાય તેમ online transactions કરે.

4.અકાઉંટંટ તમામ પેમેન્ટ્સની નોંધ રાખે, અને કમિટીના એક મેમ્બર ખ્યાલ રાખે કે જેટલી રકમની જરૂરત હોય એટલી આવી જાય તો કેસ બંધ કરી શકે.

5. ફંડ સીધાં જ જે અરજકર્તાના મદદગાર છે તેને ટ્રાન્સફર કરવામાં આવે છે.

આ તમામ પ્રક્રિયા 3-4 કલાકમાં તમામ થઈ જાય છે, આ સિસ્ટમથી ઘણા મુમેનીનને મદદ પહોંચાડવામાં આવી છે, તે સાથ ઘણા મુમેનીન માલ થી મદદ કરવાની ખિદમાતમાં પણ જોડાઈ શકે છે.

## The 6 Aspects of Upliftment




The 6 Aspects of Upliftment

Upliftment is not only about financial assistance. Its about aiding a fellow human-being in growing in all aspects of life. Aqa Moula TUS has many a time elucidated that he wishes that we lead a life like his own. Through the Upliftment Department (Idarato Rafe Mustawa Maeshatil Mumineen), he has defined 6 aspects for the Upliftment of each and every Mumin. May we continually strive to uplift ourselves and others in all 6 aspects - to achieve his khushi!

# ડેટા અપડેટ ડ્રાઇવ 2021 વિજેતાઓ

અલ દાઈ અલ અજલ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રી.અ.)એ મેડાગાસ્કરમાં 1424હી. માં મુમીનીનના 9200 પરિવારોના જીવનધોરણને ઉત્થાન આપવાની (અપલીફ્ટ કરવાની) નિય્યત કરી. આજે, તેમના અનુગામી સૈયદના અ◌ાલીકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) તેમના વિઝનને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યા છે. દર વર્ષે, સેંકડો મુમીનીન નવા મકાનોમાં જાય છે. આજ સુધીમાં, 13,500 થી વધુ ઘરો બાંધવામાં આવ્યા છે, તેનું સમારકામ કરવામાં આવ્યું છે અને નવીનીકરણ કરવામાં આવ્યું છે. સાદાત કિરામ(દા.મ.)ના માર્ગદર્શન હેઠળ, ફૈઝે ઈનાયતે અમાકિન અલ અનવર (હાઉસિંગ વિભાગ) પાસે આ ખિદમત કરવાનું શરફ છે.



મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.)એ અમને મુફદ્દલ અપલીફટમેન્ટમાં વસાવ્યા, લગભગ 10 વર્ષથી ભાડાના મકાનમાં રેહતો હતો, બહારનો માહોલ હતો, ફરઝંદોને પણ તકલીફ હતી, હવે અહિયાં ઈમાની માહોલમાં મસ્જિદમાં ઈમામતથી નમાઝ, કુરઆન મજીદ પણ પઢાઈ છે, હુસૈન ઈમામ પર નૌહો અવિલ પણ જાહિર થઈ શકે છે. દરેક જગ્યાએ મુમેનીન નજર આવે છે - ઘણી ખુશી થાય છે.

તૈયબ મુલ્લા અબ્દુલરસુલ બેહરિનવાલા
વાસંદ



મમલુકે સૈયદના (ત.ઉ.શ.) - મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.)ની ખુશી મુતાબિક મલાડ થી બોઈસર શિફ્ટ થયો છું, અમે પેહલા ઘણા નાના મકાનમાં રહેતા હતા, મૌલાએ આજે અમને ઘણા મોટા મકાનમાં વસાવ્યા છે, સુકુનના સાથે રહીએ છીએ, મારી દીકરી હવે બહાર જઈને રમી શકે છે, પહેલા તે પણ શક્ય ન્હોતું.

મુસ્તફા સૈફુદ્દીન
લાઇટવાળા



મમલુકે સૈયદના (ત.ઉ.શ.) - મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.)ના ફરમાનથી પાલઘરથી બોઈસર શિફ્ટ થયા, લગભગ દોઢ વર્ષ થયું અને ઈન્શાઅલ્લાહોતઆલા ઘણા મુમેનીન અહિયાં વસી રહ્યા છે, અહિયાના વાતાવરણથી અમારી જિંદગીમાં ઘણો ફરક આવ્યો છે. આપ મૌલાએ અજબ સુકૂનની જિંદગી બક્ષી છે.

શબ્બીર ઈનાયતહુસૈન
રામપુરાવાલા



મમલુકે સૈયદના (ત.ઉ.શ.) - ભંડરવાલા મરોલ થી નેરલ શિફ્ટ થયા, તો દરેક રીતે મૌલા (ત.ઉ.શ.)એ અપલીફ્ટ કરી દીધા, પેહલા હું કોઈ બીજા માટે કામ કરતો હતો, હવે મારો પોતાનો બિઝનેસ છે અને તેનાં કારણે દાઅવતની ખિદમત પણ સારી રીતથી કરી શકું છું.

મોહમ્મદ રતનપૂરવાલા
નેરલ



જિંદગીની તેજી અને રફતારમાં જે શાંતિ અને સલામતીની જરૂરત હતી તે મને નેરલ વસવા પછી મળી.
બુરહાનીપાર્ક નેરલ એક નખલિસ્તાન(oasis) જેવુ છે. જ્યાં ફક્ત મુમેનીનની વસ્તી છે. આ જગ્યાની અસરો અમને અમારા બુઝુર્ગો અને ફરઝંદોમાં નઝર આવી રહી છે, મૌલાનું એહસાન છે કે અમને અહિયાં વસાવ્યા.

અલીઅકબર રામપુરાવાલા
નેરલ



ગર તેરા ફૈઝ કા ઈમદાદ ના હોતા તો કહાં * ફોકરાઅ પાતે મકાન એહલે યસારો કે બીચ
અમે આપને અરજ કરી છે કે જેમ્ આપ મૌલાના એ દુનિયામાં આપના મકાનમાં વસાવ્યા છે એમ આખેરાતમાં પણ સાથે રાખજો, આપ મૌલાએ અમને હકીકતે દુનિયામાં પણ બગીચામાં વસાવી દીધા છે, જેમ કે જન્નતમાં વસાવી દીધા છે. અમે આપ મૌલા નો શુકર કેમ અદા કરી શકીએ. અહિયાં મૌલાનાં ઘરમાં આવ્યા તો મુમેનીનને ઘણી રીતે બરકત નજર આવી, કોઈને રોઝીમાં, કોઈ ને ઈલ્મ, અમલ, અખ્લાકમાં દરેક ઉમુરમાં બરકત થઈ ગઈ છે.

મુલ્લા યુસુફભાઈ તોહફાફરોશ
બુસ્તાન

WELFARE

SILK-E-HAYAAT